# સ્વદેશી અંતર્ગત વ્યાખ્યાન

**કોલેજ/યુનિવર્સિટીનું નામ:- ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**તારીખ :- 26/09/2025**

**સમય :- સાંજે 4:00 કલાકે**

**વક્તા :- શ્રી કિશોરભાઈ મકવાણા,માનનીય અધ્યક્ષશ્રી,રાષ્ટ્રીય અનુસુચિત જાતિ આયોગ.**

**રાજકીય અતિથી :- ડૉ.હર્ષદભાઈ પટેલ, માનનીય ધારાસભ્યશ્રી,સાબરમતી,અમદાવાદ.**

**સંખ્યા :- 200**

**સંયોજક નામ :- ડૉ. નિશા જોષી** **નંબર :- 8238549112**

**વાઇસ ચાન્સેલ/રજીસ્ટ્રાર :- પ્રો.ડૉ.અમી ઉપાધ્યાય** **નંબર :-**

**વિશેષ નોંધ :-**

**ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 75મા જન્મદિવસ નિમિત્તે**

"અમૃતપર્વ:સ્વદેશીથી વિકસિત ભારત "વ્યાખ્યાન નિમિત્તે મુખ્ય વક્તા,રાષ્ટ્રીય અનુસૂચિત આયોગના અધ્યક્ષ શ્રી કિશોરભાઈ મકવાણાએ ભારતમાતા વિશે સ્વામી વિવેકાનંદના સ્વપ્નનું ભારત , ભારત વિશેની સંકલ્પના સાકાર થઈ રહી હોવાનું તથા આ સમયના સાક્ષી બનવાનું ગૌરવ વ્યકત કર્યુ. તેમણે ભારતમાતાના પરમ વૈભવના આ જાગૃતિકાળને વિવિધ ઉદાહરણોથી બિરદાવ્યો. સદીઓથી સતત વિદેશી આક્રમણો છતાં ભારત આત્મનિર્ભર હતું અને ગૌરવભેર ટકી રહ્યું. 2047 માં વિકસિત ભારતની સંકલ્પના સિદ્ધ કરવા આર્થિક ,સામાજિક ,સાંસ્કૃતિક  પ્રભાવના બળ વિશે આત્મનિર્ભર થઈ સ્વદેશી અપનાવીશું તો બધું શક્ય છે. વિવેકાનંદજીએ જમશેદજી ને ભારતમાં ઉદ્યોગની સ્થાપના માટે પ્રેરણા આપી હતી એ સંવાદનો તેમણે અસરકાર રીતે ઉલ્લેખ કર્યો. બાબાસાહેબ આંબેડકર દ્વારા લિખિત જાપાનમાં ઉચ્ચ નીચનાં ભેદભાવો હતા એ વાતનો સંદર્ભ સહિત ઉલ્લેખ કરી જાપાનમાં દૂર થયેલા જાતિગત ભેદભાવના કારણે આવેલી સમૃદ્ધિનો ઉલ્લેખ તેમણે કર્યો.1945માં ડો. બાબાસાહેબ આંબેડકરે આત્મનિર્ભર ભારતની વાત કરી હતી તેનો સંદર્ભ આપી એમના માર્ગે વર્તમાન સમયમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં દેશ આત્મનિર્ભર થઈ રહ્યો છે. આપણાં સાંસ્કૃતિક વૈભવ, વારસા પ્રત્યે ગૌરવ અનુભવવા વિશે ખાસ ઉલ્લેખ કર્યો. એકતા અને નાગરિક કર્તવ્ય નિમિત્તે સભાન રહી દેશ પ્રત્યે ,સ્વદેશી પ્રત્યે જાગૃત રહેવા આહ્વાન કર્યું.

સાબરમતી - અમદાવાદના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલે પ્રાસંગિક વક્તવ્યમાં વિકસિત ભારતની કલ્પનાને સાકાર કરવા જનઆંદોલનની ભૂમિકાએ આત્મનિર્ભર ભારતની પ્રસતૂતતા ચર્ચી હતી. ભારતની પ્રાચીન , સાંસ્કૃતિક ,વૈભવશાળી પરંપરાનું ગૌરવ વધારવા , જતન કરવા ભારતીય સંસ્કારો અને સ્વદેશી જેવી રચનાત્મક જાગૃતિનું મહત્વ સમજાવ્યું.તેમણે ભાષા, ભૂષણ, ભોજન અને ભ્રમણમાં સ્વદેશીને કેન્દ્રમાં રાખવા સૂચન કર્યું . સમાજ કલ્યાણ અને ભારત કલ્યાણની વાત કરી વડાપ્રધાન દ્વારા લેવાયેલા વિવિધ પગલાં અને યોજનાઓને આદરપૂર્વક યાદ કરી વિકાસ , જન સહાય અને વિકાસની હરણફાળનું ગૌરવપૂર્વક અભિવાદન કર્યું.

યુનિવર્સિટીનાં કુલગુરુશ્રી પ્રો.અમી ઉપાધ્યાયે સમાપન વક્તવ્યમાં અમૃત પર્વ જન્મદિન સંદર્ભે વડાપ્રધાનના દેશનાં નાગરિક તરીકે વિદેશ પ્રવાસો વખતે મળતું માન સન્માન ગૌરવભેર યાદ કર્યું. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ નિમિત્તે ભારતીય ભાષા, સ્વાધીનતા અને સ્વદેશી ,ભારતીય જ્ઞાનના સંવર્ધન પામી રહેલા વિભાવ વિષે રાજીપો વ્યક્ત કર્યો. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ નિમિત્તે બદલાઈ રહેલો સમય તેમણે વિવિધ ઉદાહરણ દ્વારા રેખાંકિત કર્યો.વિશ્વગુરુ તરીકે વિશ્વ બંધુત્વની ભાવના વિસ્તરતી રહે એવો ભાવ શિક્ષણની સંકલ્પના દ્વારા સિદ્ધ થાય, સ્વદેશીની ભાવના થકી રાષ્ટ્રને કેન્દ્રમાં રાખી સક્રિય રહેવા અનુરોધ કર્યો.શિક્ષણ સંસ્થાએ કોઈ પણ ઉત્તમ વિચારને બીજમાંથી વૃક્ષ માં રૂપાંતરિત કરવા પ્રયાસ કરવા જોઈએ તેવું સહજ રીતે ઉદાહરણ સહિત સમજાવ્યું.લોકશાહી વ્યવસ્થામાં સ્વદેશી વિચારનો પ્રસાર પ્રચાર થાય એ રીતે સંકલ્પ કરવા અનુરોધ કર્યો.

બોર્ડ મેમ્બર યતીન પટેલ તથા સમગ્ર યુનિવર્સિટી પરિવારની હાજરીમાં યોજાયેલ આ કાર્યક્રમનું સુચારુ સંચાલન શ્રી નેહાબહેન ભટ્ટ દ્વારા થયું.એકંદરે વિચાર સમૃદ્ધ કાર્યક્રમથી સહુ સભર થયા.

Photo - 1



Photo - 2



Photo - 3



Photo - 4



Photo - 5



Photo - 6



Photo - 7



Photo - 8




Photo - 9

